# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-04-2025** **MORNING: 7.45 TO 7.55**

**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંબેડકર જયંતીએ હરિયાણાના હિસારમાં વિવિધ પરિયોજનાઓનું ઉદઘાટન અને ખાતમુહૂર્ત કરશે
2) બંધારણના ઘડવૈયા ડોક્ટર બાબા સાહેબ આઁબેડકરની જન્મજંયતી નિમિત્તે સંસદમા પુષ્પાંજલી સહિત દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન
3) અમેરિકા આગામી એક-બે મહિનામાં સ્માર્ટફોન, કોમ્પ્યુટર, સેમિકન્ડક્ટર અને અન્ય ઘટકોની આયાત પર અલગ ટેરિફ લાદશે
4) પારંપરિક કાર્યક્રમો સાથે તમિલ અને કેરળના લોકો દ્વારા આજે નવા વર્ષની ઉજવણી
5) અમેરિકામાં ચાલી રહેલી વિશ્વ તિરદાજી સ્પર્ધામાં ભારતે રજત ચંદ્રક જીત્યો

..................................................................

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM HARIYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંબેડકર જયંતી નિમિત્તે હરિયાણાની મુલાકાત લેશે. તેઓ સવારે હિસારથી અયોધ્યા સુધીની વાણિજ્યિક ઉડાનને લીલી ઝંડી ફરકાવીને હિસાર હવાઇમથકના નવા ટર્મિનલ ભવનનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી એક જનસભાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી યમુનાનગરમાં વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે અને આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી યમુનાનગરમાં મુકરબપુરમાં કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી ભારતમાલા પરિયોજના હેઠળ આશરે 1 હજાર 70 કરોડ રૂપિયાની કિંમતની 14.4 કિલોમીટર લાંબી રેવાડી બાયપાસ પરિયોજનાનું પણ ઉદ્ઘાટન કરશે. આ પરિયોજનાને કારણે ટ્રાફિકની સમસ્યા પણ હળવી બનશે અને ઇંધણ અને નાણાની પણ બચત થશે.

# AMBEDKAR JAYANTI

ભારતીય બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી આજે નવી દિલ્હીમાં સંસદ ભવનના પ્રેરણા સ્થળ ખાતે યોજાશે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, સહિત અનેક મંત્રીઓ, સાંસદો અને અન્ય લોકો બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરશે.

આ ઉપરાંત દેશભરમાં ડૉ. બાબસાહેબના કાર્યોને બિરદાવીને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જ્યારે અનેક વિસ્તારોમાં આજના દિવસ નિમિતે યાત્રાઓ પણ યોજવામાં આવી રહી છે.

## GIRIRAJSINH BIHAR DIWAS

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહે કહ્યું, બિહાર અને ગુજરાતે હંમેશાં ભારતની સાંસ્કૃતિક એકતામાં યોગદાન આપ્યું છે. અમદાવાદની મુલાકાતે આવેલા શ્રી સિંહે ગઈકાલે પત્રકાર પરિષદને સંબોધન કરતા “એક ભારત શ્રેષ્ઠ ભારત” અભિયાનની મહત્વકાંક્ષા પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે જણાવ્યું કે, “ગાંધીજીની જન્મભૂમિ ગુજરાત છે અને બિહાર તેમની કર્મભૂમિ રહી છે. તેમણે ઉમેર્યું કે, “ગુજરાતમાં બિહારથી આવેલાં 15 લાખ થી વધુ લોકોએ ગુજરાતના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. બિહારના લોકોએ ગુજરાતમાં નવું ટેક્સટાઇલ હબ ઊભું કર્યું છે.

(બાઈટ - કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહ)

## US - PHARMA PRODUCTS

**અમેરિકાએ આગામી એક-બે મહિનામાં સ્માર્ટફોન, કોમ્પ્યુટર, સેમિકન્ડક્ટર અને અન્ય ઘટકોની આયાત પર અલગ ટેરિફ લાદશે. અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લુતનિક દ્વારા ગઈકાલે રાત્રે આ માહિતી આપવામાં આવી હતી. યુ. એસ. દ્વારા સેમિકન્ડક્ટર્સ સહિત ઇલેક્ટ્રોનિક્સની આયાતને પારસ્પરિક ટેરિફમાંથી મુક્તિ આપ્યાના એક દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે. લુતનિક દક્ષિણ એશિયાના દેશોમાંથી આયાત પર આધાર રાખવાની સરખામણીમાં યુ. એસ. માં**

**ચિપ્સ અને ફ્લેટ-પેનલ ટેલિવિઝન બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.**

**આગામી સમયમાં ચીનમાંથી આયાત થતા ફાર્માસ્યુટિકલ ઉત્પાદનો પર ટેરિફ વધારવાની યોજના બનાવી રહ્યું છે. યુ. એસ. ના વાણિજ્ય સચિવ હોવર્ડ લ્યુટનિકે પત્રકાર સાથેની મુલાકાતમાં કહ્યું હતું કે દવાઓ અને સેમિકન્ડક્ટર્સ જેવી અમેરિકાની મૂળભૂત વસ્તુઓ માટે ચીન પર આધાર રાખવો પડે નહી અને આવા ઉત્પાદનો અમેરિકામાં જ થાય તે જરૂરી છે...આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નેશનલ રિપબ્લિકન કોંગ્રેસનલ કમિટીમાં જાહેરાત કરી હતી કે અમેરિકા ટૂંક સમયમાં આયાતી દવાઓ પર મોટો ટેરિફ લાદશે**

**આરોગ્ય સંભાળ પ્રણાલીના સુચારુ સંચાલન માટે અમેરિકા ચીન અને ભારત જેવા દેશોમાંથી આવતી સસ્તી જેનરિક દવાઓ પર નિર્ભર છે. જેથી ફાર્માસ્યુટિકલ્સને અત્યાર સુધી અમેરિકાએ ટેરિફ દરોમાંથી બહાર રાખવામાં આવ્યા છે**

## MIZORAM

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ ,ડી. આર. આઈ.એ મિઝોરમની બહારના વિસ્તારમાં 52 કરોડ રૂપિયાથી વધુ મૂલ્યનું એક કિલોગ્રામ ડ્રગ્સ સાથે બે લોકોની ધરપકડ કરી છે. નાણાં મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 11મી એપ્રિલે મોડી રાત્રે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રકમાં પ્રતિબંધિત નશાકારક ગોળીઓ છુપાવીને લઇ જવાતી હતી. મળેલી માહિતીને આધારે આ ડ્રગ્સ ઝડપી લેવાયું હતું..

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ડ્રગ્સની દાણચોરી મિઝોરમમાં મ્યાનમારથી ઝોખાવથર સેક્ટર વચ્ચે કરવામાં આવી હતી. ઝડપાયેલા ટ્રકના ડ્રાઈવર અને તેના સહાયકની નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી અને વધુ પૂછરપરછ થઇ રહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## TAMIL/ KERAL NEW YEAR DAY

તમિલના નવા વર્ષની ઉજવણી આજે થઈ રહી છે. સૌર પંચાગ અનુસાર ચિથિરાઈ મહિનાના આજના દિવસે નવુ વર્ષ મનાવાય છે. આજે સવારથી જ લોકો મંદિરોમાં દેવ દર્શન કરીને તેની ઉજવણી કરે છે. તમિલોના ઘરે આજે અરુસુવાઈ એટલે કે છ સ્વાદનું ભોજન બને છે જે કેળાના પાનમાં પીરસવામાં આવે છે. કડવી, મીઠી, ખાટી, મસાલેદાર, ખારી અને તીખી હોય તેવી છ સ્વાદની વાનગીઓ બનવાવીને તેને આરોગવામાં આવે છે.

આજે કેરળ પણ તેનુ પારંપરિક નવુ વર્ષ વિશુની ઉજવણી કરી રહ્યું છે. જે અંતર્ગત વિવિધ પરંપરાગત કાર્યક્રમ યોજાઇ રહ્યાં છે.

## FDI-PHARMA SECTOR

ભારતના ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી ઉપકરણો ક્ષેત્રે 31 માર્ચ, 2025ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન 11 હજાર 888 કરોડ રૂપિયાના સીધા વિદેશી રોકાણનો પ્રવાહ જોવા મળ્યો છે. આ ઉપરાંત, ફાર્માસ્યુટિકલ્સ વિભાગ દ્વારા સંકલિત આંકડાઓ અનુસાર, 2024-25 દરમિયાન બ્રાઉનફિલ્ડ પ્રોજેક્ટ્સ માટે 7 હજાર 246.40 કરોડ રૂપિયાની 13 એફડીઆઈ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે, જેનાથી કુલ એફડીઆઈ 19 હજાર 134.4 કરોડ રૂપિયા થઈ ગયું છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, સરકારની ઉત્પાદન સાથે સંકળાયેલી પ્રોત્સાહન (પી. એલ. આઈ.) યોજના સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા, રોકાણ આકર્ષવા, આયાત પર નિર્ભરતા ઘટાડવા અને નિકાસ વધારવા માટે પરિવર્તનકારી પહેલ સાબિત થઈ છે. પી. એલ. આઈ. યોજના હેઠળની એક નોંધપાત્ર સિદ્ધિ લક્ષિત રોકાણોને વટાવી ગઈ છે.

## GAZA-ISRAEL

ઇઝરાયલી હવાઈ હુમલાઓમાં ગાઝા શહેરની છેલ્લી હોસ્પિટલ - અલ હિલાલ બાપ્ટિસ્ટ હોસ્પિટલનો એક ભાગ નાશ પામ્યો છે. ઇઝરાયલ સંરક્ષણ દળોએ જણાવ્યું કે, હોસ્પિટલ પર હુમલો એટલા માટે કરવામાં આવ્યો કારણ કે તેની અંદર હમાસ દ્વારા ઉપયોગમાં લેવાતું કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર હતું.

ગાઝાની સિવિલ ઇમરજન્સી સર્વિસના જણાવ્યા મુજબ આ બનાવમાં અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી.

## EARTHQUAKE – MYANMAR

ગઇકાલે સવારે મધ્ય મ્યાનમારમાં ૫.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. દેશના હવામાન અને જળવિજ્ઞાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૦ કિમીની ઊંડાઈ ધરાવતું ભૂકંપનું કેન્દ્રબિંદુ મંડલે પ્રદેશના વુન્ડવિન શહેરથી લગભગ ૧૪.૫ કિમી ઉત્તરપૂર્વમાં હતું.

શુક્રવારે અગાઉ, સ્થાનિક સમય મુજબ સવારે ૧૦ વાગીને ૫૯ મિનિટે મધ્ય મ્યાનમારમાં 5 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

## ARCHARY

વિશ્વ તિરંદાજી સ્પર્ધામાં ભારતે રજત ચંદ્રક જીત્યો હતો. ગઈકાલે રાત્રે યુ. એસ. એ. ના ઔબુર્ન્ડેલ ખાતે ફાઇનલમાં ધીરજ બોમ્મદેવરા, તરુણદીપ રાય અને અતનુ દાસની ત્રિપુટી ચીન સામે 1-5 થી હારી ગઇ હતી. ત્યારબાદ તીરંદાજી વિશ્વ કપ સ્ટેજ એકમાં પુરુષોની રિકર્વ ટીમ ઇવેન્ટમાં ભારતે રજત ચંદ્રક જીત્યો હતો.

સિઝન-ઓપનિંગ ઇવેન્ટમાં ભારતનો આ ત્રીજો મેડલ હતો, અગાઉ ભારતે કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ અને કમ્પાઉન્ડ મેન્સ ટીમમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

## IPL

આઇપીએલમાં આજે લખનૌ સુપર જાયન્ટ્સ લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

જ્યારે ગઇકાલે રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સને 12 રનથી હરાવ્યું હતું. તિલક વર્માએ 33 બોલમાં 59 રનની ઇનિંગ રમીને મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વિકેટે 205 રન સુધી પહોંચાડી દીધું હતું. રાયન રિકેલ્ટન, સૂર્યકુમાર યાદવ અને નમન ધીરે પણ ઉપયોગી યોગદાન આપ્યું હતું.

જવાબમાં, કરૂણ નાયરે 40 બોલમાં 89 રન બનાવ્યાં હોવા છતાં દિલ્હી કેપિટલ્સની ટીમ 19 ઓવરમાં 193 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કર્ણ શર્માએ ત્રણ વિકેટ ઝડપી હતી, જ્યારે મિશેલ સેન્ટનરે બે વિકેટ ઝડપી હતી.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજના મોટા ભાગના અખબારોમાં અમેરિકાએ લાદેલા ટેરિફ અંગેના સમાચાર પ્રથમ પાને જોવા મળે છે. ગુજરાત સમાચાર ચીનના નિવેદનને ટાંકીને લખે છે, ટ્રમ્પના ટેરિફથી અમેરિકનોની જ કમર તૂટશે.
- નવગુજરાત સમયમાં પ્રથમ પાને લખાયું છે, અમેરિકા ભૂલ સુધારે:રેસિપ્રોકલ ટેરિફ રદ કરવા ચીનની અપીલ
- ફૂલછાબે મુંબઈ હુમલાના કાવતરાખોર તહવ્વૂર રાણાના સમાચારને પ્રથમ પાને સ્થાન આપતા લખ્યું, તહવ્વૂરના દુબઈ કનેક્શન અંગે NIAની સઘન તપાસ: ડી ગેંગ શંકાના દાયરામાં.
- વકફ કાયદા અંગેના સમાચારને પ્રથમ પાને સ્થાન આપતા ગુજરાત સમાચાર લખે છે, બંગાળમાં વક્ફ સુધારાના વિરોધીઓ બેફામ, મુર્શીદાબાદમાં અશાંતિ: પાણીની ટાંકીમાં ઝેર ભેળવાયું.
- રશિયાએ યુક્રેન પર કરેલા હુમલાના સમાચારને પ્રથમ પાને સ્થાન આપતા ફૂલછાબ લખે છે કે યુક્રેનમાં ઉજવણી વચ્ચે રાશિયાનો હુમલો:30 નાં મૃત્યુ
- ભારતની લેસર હથિયાર સિસ્ટમના સમાચારને પ્રથમ પાને સ્થાન આપતા દિવ્ય ભાસ્કરે લખ્યું, હવે ભારત લેસરથી દુશ્મનોના ડ્રોન, મિસાઇલ પળવારમાં તોડી પડાશે.
- સંદેશ સમાચારે પ્રથમ પાને અંતરીક્ષમાંથી દેખાતા ભારતની તસવીર પ્રકાશિત કરી છે.
- જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારોના છેલ્લા પેજ ઉપર નગરપાલિકાઓની સહાયમાં કરાયેલા વધારાના સમાચારને પણ વિવિધ અખબારોએ સ્થાન આપ્યું છે. ગુજરાત સમાચારે લખ્યું, શહેરી વિકાસ યોજનામાં નવા સેવા સદનો માટે નગરપાલિકાઓની સહાયમાં વધારો: 3 થી 6 કરોડ રૂપિયા અપાશે.
- નવગુજરાત સમયે લખ્યું, ગુજરાત યુનિવર્સિટીએ 3 ઓટોનોમસ કોલેજોને જિકાસમાં જોડાવા આદેશ કર્યો